JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કં.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ પૂનમ મંગળવાર ૩ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૧૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# તેલ અને ગેસના ભંડાર પર ડ્રોન-મિસાઈલ મારો

**ઈરાનના** ડ્રોન હુમલા બાદ સાઉદી અરામકોનો પ્લાન્ટ બંધ

કતારે ઈરાન સાથે છેડો ફાડ્યો; એલએનજીનું ઉત્પાદન બંધ કર્યું

મધ્ય પૂર્વમાં ત્રીજા દિવસે પણ યુદ્ધની જ્વાળાઓ તેજ

**દુબઈ, તા. 2 (AP):** પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધનો આજે ત્રીજો દિવસ છે, જેમાં ઉર્જા ક્ષેત્રે મોટા સંકટના એંધાણ વર્તાઈ રહ્યા છે. ઈરાન દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ સાઉદી અરેબિયા અને કતારમાં ઉર્જા ઉત્પાદન ઠપ્પ થઈ ગયું છે. સાઉદી અરેબિયાના સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે સાઉદી અરામકોની દમ્મામ નજીક આવેલી વિશ્વની વિશાળ રાસ તનુરા ઓઈલ રિફાઈનરી પર બે મિસાઈલ છોડવામાં આવી હતી, જેને આંતરીને નષ્ટ કરી દેવાઈ છે. જોકે, સાવચેતીના ભાગરૂપે આ પ્લાન્ટની કામગીરી કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવી છે. દરરોજ 5,50,000 બેરલ તેલનું ઉત્પાદન કરતી આ રિફાઈનરી સાઉદીના ઉર્જા ક્ષેત્રનો





પાયો ગણાય છે.

બીજી તરફ, કતારની સરકારી એનર્જી કંપનીએ પણ રાસ લાફાન અને મેસાઈદ પર થયેલા બે હુમલા બાદ લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)નું ઉત્પાદન બંધ કરવાની જાહેરાત કરી છે. આ હુમલાઓને પગલે કતારે ઈરાન સાથેના સંબંધો તોડી નાખ્યા છે. આ વૈશ્વિક અસ્થિરતાની સીધી અસર બજાર પર પડી છે, જેમાં યુરોપમાં ગેસના ભાવમાં 30 ટકા જેટલો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. મધ્ય પૂર્વના નિષ્ણાતોના મતે, આ

...અનુસંધાન પાના 15 પર

"જરૂર પડશે તો ઈરાનની અંદર સેના પણ ઉતારીશું"

## ટ્રમ્પની ઈરાનને ખુલ્લી ચેતવણી: "હજુ તો અસલી હુમલો બાકી છે

**પોલિંગ** કે લોકપ્રિયતાની પરવા નથી, ઈરાનને પરમાણુ હથિયાર બનાવવા નહીં દઉં' - અમેરિકી રાષ્ટ્રપતિ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામેના સૈન્ય સંઘર્ષને લઈને અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. સોમવારે આપેલા નિવેદનમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઈરાનની ધરતી પર અમેરિકી સૈનિકો ઉતારવાના વિકલ્પને તેઓ નકારી રહ્યા નથી.

સામાન્ય રીતે અમેરિકી રાષ્ટ્રપતિઓ યુદ્ધમાં પોતાની સેના મોકલતા પહેલા ખચકાટ અનુભવતા હોય છે, પરંતુ ટ્રમ્પે અલગ જ રાગ આલાપ્યો છે:

ટ્રમ્પે ન્યૂયોર્ક પોસ્ટને જણાવ્યું, "હું બીજા રાષ્ટ્રપતિઓની જેમ એવું નહીં કહું કે અમે સેના નહીં મોકલીએ. જો જરૂર પડશે તો અમેરિકી સૈનિકો ચોક્કસપણે ઈરાનમાં પ્રવેશશે."

તેમણે ઉમેર્યું કે તેમને કોઈ પણ નિર્ણય લેવામાં ડર લાગતો નથી.

ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપતા કહ્યું કે અત્યાર સુધી જે હુમલા થયા છે તે તો માત્ર શરૂઆત છે:

CNN ને તેમણે કહ્યું: "અમે હજુ સુધી ઈરાન પર જોરદાર પ્રહાર કરવાનું શરૂ પણ નથી કર્યું. જે મોટું મોજું (The Big Wave) આવવાનું છે, તે હવે આવશે. મોટો હુમલો ખૂબ જ ટૂંક સમયમાં થશે."

જોકે, આ 'બિગ વેવ'માં માત્ર મિસાઈલ હુમલા હશે કે જમીની સેના, તે અંગે તેમણે રહસ્ય જાળવી રાખ્યું છે.

ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે તેમનો મુખ્ય હેતુ ઈરાનને પરમાણુ તાકાત બનતા રોકવાનો છે: "મને પોલિંગ કે સર્વેના આંકડાઓની પરવા નથી. ઈરાન પર

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી

### માયાવતીની 'એકલા ચલો'ની રાજનીતિ

તૃણમૂલ કોંગ્રેસ હોય કે ડાબેરી પક્ષો કે પછી વિરોધ પક્ષના ઇન્ડિયા ગઠબંધનના અન્ય સહયોગીઓ, ગઠબંધનમાં હોવા છતાં 'એકલા ચલો'ની નીતિ અપનાવવાની તેમની આદત રહી છે. આ સમસ્યા સમયાંતરે સામે આવતી રહે છે અને તેના કારણે ગઠબંધન મજબૂત થાય તે પહેલાં જ નબળું પડી જાય છે.

જ્યારે પણ અનુકૂળ લાગે ત્યારે આ સહયોગી પક્ષો પોતાની રણનીતિ બદલીને 'એકલા ચલો'ના માર્ગે નીકળી પડે છે. જોકે, નસીબજોગે બહુજન સમાજ પાર્ટીના સુપ્રિમો કુમારી માયાવતી, જેઓ ન તો ભાજપની આગેવાની હેઠળના એનડીએ કે ન તો વિરોધ પક્ષના ઇન્ડિયા ગઠબંધનનો ભાગ છે, તેઓ પોતે 'એકલા ચલો'ની રાહ પર છે કે નહીં, તે અંગે પોતાના સમર્થકોને સ્પષ્ટ સંદેશ આપવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. નરેન્દ્ર મોદી સરકારે તેમને દિલ્હીમાં નવો સરકારી બંગલો ફાળવ્યો ત્યારથી તેમનું બંને ગઠબંધનોથી, ખાસ કરીને એનડીએ થી અંતર જાળવી રાખવું તેમના માટે માથાનો દુખાવો બની ગયું છે. તેમના વિરોધીઓએ આ વાતને મોદી સરકારની કૃપા તરીકે વર્ણવવામાં કોઈ કસર છોડી નથી. આને ભાજપ સાથેની તેમની વધતી નિકટતા તરીકે જોવામાં આવી રહ્યું છે. માયાવતીને વારંવાર પોતાના સમર્થકોને સંતોષવા માટે આ બાબતે સ્પષ્ટતા કરવી પડી રહી છે.

**કર્ણાટક એનડીએમાં ખટરાગ: ભાજપ અને જેડી(એસ) વચ્ચે સંઘર્ષ**

કર્ણાટકમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)માં બધું બરાબર હોય તેવું લાગતું નથી.

...અનુસંધાન પાના 15 પર

તા. ૦૨-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૧૯.૪° સે. | ૨૯% |

કતારે ઉત્પાદન અટકાવી દેતા યુરોપમાં નેચરલ ગેસના વાયદાના ભાવોમાં 40%નો ઉછાળો

## ક્રૂડના ભાવમાં 8%થી વધુનો ઉછાળો

**હોર્મુઝની** કટોકટી અને ઓઈલ રિફાઈનરીઓ પર ડ્રોન હુમલાથી સપ્લાય ચેઈન જોખમમાં

**ઇન્ટરનેશનલ** સ્ટાન્ડર્ડ બ્રેન્ટ ક્રૂડનો ભાવ ૮.૬ ટકા ઉછળીને ૭૯.૧૧ ડોલર પ્રતિ બેરલ થઇ ગયો, અમેરિકી ઓઇલ પણ બેરલે ૭.૬ ટકા વધીને ૭૨.૧૨ ડોલર

**જ્યાંથી** વિશ્વના ઓઇલ સપ્લાયના ૨૦ ટકા ભાગનું વહન થાય છે તેવા આ સાંકડા સમુદ્રી માર્ગ પર ઇરાનના હુમલાઓને કારણે ટેન્કર જહાજોની અવરજવર ઘણી ઘટી ગઇ

### ભાવધારાનો ઘણો આધાર સંઘર્ષ કેટલો લાંબો ચાલે તેના પર રહેશે

સોમવારનો ભાવ વધારો યુદ્ધના ફાટી નીકળવા સાથે સંકળાયેલા ડરના આધારે વિશ્લેષકો દ્વારા અપેક્ષિત 5 થી 10 ડોલર પ્રતિ બેરલની રેન્જમાં જ હતો. અને યુદ્ધની કેટલીક ચિંતાઓ સંઘર્ષ શરૂ થયો તે પહેલા જ ભાવમાં પ્રતિબિંબિત થઈ હતી. જો કે, આ માર્ગમાં જહાજોની અવરજવરમાં લાંબા ગાળાનો વિક્ષેપ તેલના ભાવને હજુ વધુ ઊંચે લઈ જઈ શકે છે, અને ખાડીના અન્ય દેશોમાં તેલના માળખાગત સુવિધાઓને નુકસાન પણ તેટલી જ અસર કરી શકે છે. બીજી તરફ, જો આ સંઘર્ષ ટૂંકો રહે અને અવરોધો સરળતાથી દૂર થઈ શકે તેવા હોય, તો તેનો અર્થ એ થઈ શકે કે ભાવમાં અત્યારે જે ઉછાળો આવ્યો છે તે લાંબો સમય ટકશે નહીં.

### છતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે!

**નવી દિલ્હી.** અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલા અને તેહરાનના વળતા પ્રહારોને પગલે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલના ભાવમાં અંદાજે ૯ ટકાનો ઉછાળો આવ્યો છે, પરંતુ સૂત્રોના

...અનુસંધાન પાના 15 પર

**ફ્રેન્કફર્ટ (જર્મની), ૨ (AP):** હોર્મુઝની સમુદ્રધુની જેવા મહત્વના માર્ગ પર ટેન્કરોની અવરજવરમાં ખલેલ પડવાને કારણે અને ઈરાન પર અમેરિકા તથા ઈઝરાયેલના હુમલાથી વિશ્વના અર્થતંત્રમાં તેલના પુરવઠા પર કેવી અસર પડશે, તે અંગે ઊભી થયેલી અનિશ્ચિતતાને પગલે સોમવારે તેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો.

યુએસ ઓઈલ 7.6% ના ઉછાળા સાથે પ્રતિ બેરલ 72.12 ડોલર પર ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ બ્રેન્ટ 8.6% વધીને પ્રતિ બેરલ 79.11 ડોલર પર પહોંચ્યું હતું.

સંઘર્ષને કારણે મુખ્ય સપ્લાયર કતારે ઉત્પાદન બંધ કરી દેતા યુરોપમાં નેચરલ ગેસ વાયદામાં 40% થી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

મુખ્ય ધ્યાન પર્સિયન ગલ્ફના દક્ષિણ છેડે આવેલા આ સાંકડા દરિયાઈ માર્ગ પર છે, જેમાંથી વિશ્વના તેલ પુરવઠાનો 20 ટકા હિસ્સો પસાર થાય છે. ડેટા અને એનાલિટિક્સ ફર્મ 'Kpler' એ X પર જણાવ્યું હતું કે સેટેલાઇટ નેવિગેશન સિસ્ટમમાં વિક્ષેપ વચ્ચે ટેન્કરોની અવરજવરમાં ભારે ઘટાડો થયો છે, જ્યારે યુકે મેરીટાઇમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે આ વિસ્તારમાં અનેક જહાજો પર હુમલાની જાણ કરી છે અને જહાજોનું સ્થાન દર્શાવતી સિસ્ટમમાં વધતા ઈલેક્ટ્રોનિક હસ્તક્ષેપ અંગે ચેતવણી આપી છે. ઓમાને જણાવ્યું હતું કે સોમવારે ઓમાનના અખાતમાં વિસ્ફોટકોથી ભરેલી ડ્રોન બોટ માર્શલ આઈલેન્ડ્સનો ધ્વજ ધરાવતા તેલ ટેન્કર સાથે અથડાઈ હતી, જેમાં એક નાવિકનું મોત થયું હતું. ઈરાન

...અનુસંધાન પાના 15 પર

## ચાંદી 3 લાખને પાર, સોનું 1.73 લાખની નજીક

**મધ્ય-પૂર્વના** તનાવને કારણે રોકાણકારો સલામત રોકાણ તરફ વળતા બંને કિંમતી ધાતુઓના ભાવમાં મોટો ઉછાળો

**ચાંદીમાં** કિલોએ રૂ. ૩૨૦૦૦ અથવા ૧૨ ટકાનો તોતિંગ ઉછાળો, સોનાના ભાવમાં પણ પ્રતિ દસ ગ્રામ રૂ. ૮૧૦૦નો વધારો



**નવી દિલ્હી, 2 (PTI):** મધ્ય પૂર્વમાં વધતા યુદ્ધના તણાવને કારણે રોકાણકારો સુરક્ષિત ગણાતા રોકાણો તરફ વળતા, સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં કિંમતી ધાતુઓના ભાવમાં 12 ટકા સુધીનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો હતો. ચાંદીના ભાવ વધીને રૂ. 3 લાખ પ્રતિ કિલોગ્રામ થઈ ગયા હતા, જ્યારે સોનું રૂ. 1.73 લાખ પ્રતિ 10 ગ્રામની સપાટીની નજીક પહોંચ્યું હતું.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ચાંદીના ભાવ શુક્રવારના રૂ. 2,68,000 પ્રતિ કિલોના બંધ સ્તર સામે રૂ. 32,000 અથવા 11.94 ટકા વધીને રૂ. 3,00,000 પ્રતિ કિલો (તમામ ટેક્સ સહિત) પર પહોંચ્યા હતા. બુલિયન માર્કેટમાં, 99.9 ટકા શુદ્ધતા ધરાવતા સોનાનો ભાવ રૂ. 8,100 અથવા 4.92 ટકા વધીને રૂ. 1,72,800 પ્રતિ 10 ગ્રામ (તમામ ટેક્સ સહિત) થયો હતો, જે અગાઉના સત્રમાં રૂ. 1,64,700 પર બંધ રહ્યો હતો.

લેમન માર્કેટ્સ ડેસ્કના રિસર્ચ એનાલિસ્ટ ગૌરવ ગર્ગે જણાવ્યું હતું કે, મધ્ય પૂર્વના ભૂરાજકીય તણાવને કારણે સોના અને ચાંદીના ભાવમાં સોમવારે તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. સપ્તાહના અંતે અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા સંયુક્ત સૈન્ય હુમલામાં સર્વોચ્ચ અલી ખામેનીનું નિધન થતા વૈશ્વિક નાણાકીય બજારો હચમચી ગયા છે, જેના કારણે રોકાણકારોમાં કિંમતી ધાતુઓ ખરીદવા માટે ભારે ધસારો જોવા મળ્યો છે.

...અનુસંધાન પાના 15 પર

## શેરબજારમાં યુદ્ધનો ફફડાટ: રોકાણકારોના 6.59 લાખ કરોડ સ્વાહા

**સેન્સેક્સ** 1,048 પોઈન્ટ્સ તૂટ્યો

**નવી દિલ્હી, તા. 2 (PTI):** પશ્ચિમ એશિયામાં વધતા જતા તણાવને કારણે સોમવારે શેરબજારમાં ભારે કડાકો જોવા મળ્યો હતો, જેના પરિણામે ઇક્વિટી રોકાણકારોની સંપત્તિમાં રૂ. 6.59 લાખ કરોડનું ધોવાણ થયું હતું. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા અને ત્યારબાદ ઈરાનના વળતા પ્રહારને કારણે વૈશ્વિક બજારોમાં ગભરાટ ફેલાયો હતો.

બીએસઈ સેન્સેક્સ શરૂઆતના ટ્રેડિંગમાં 2,743.46 પોઈન્ટ્સ અથવા 3.37 ટકા ગગડીને 78,543.73 સુધી પહોંચી ગયો હતો, જોકે દિવસના અંતે તે 1,048.34 પોઈન્ટ્સ અથવા 1.29 ટકાના ઘટાડા સાથે 80,238.85 પર બંધ રહ્યો હતો.

આ ઘટાડાને કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન ઘટીને રૂ. 4,56,90,693.19 કરોડ (આશરે 5 ટ્રિલિયન ડોલર) થઈ ગયું છે તેમાં રૂ. 6,59,978.08 કરોડનો ઘટાડો થયો છે.

નિષ્ણાતોના મતે, મધ્ય પૂર્વમાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં 7.29 ટકાનો ઉછાળો આવતા તે પ્રતિ બેરલ 77.85 ડોલર પર પહોંચી ગયું છે. તેલના ભાવમાં વધારો થવાથી ભારતમાં મોંઘવારી અને કરન્સી પર દબાણ વધવાની ચિંતા ઊભી થઈ છે, જેણે રોકાણકારોના સેન્ટિમેન્ટને નકારાત્મક અસર કરી છે.

સેન્સેક્સ પેકમાંથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, અદાણી પોર્ટ્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને મારુતિ જેવા મોટા શેર સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે માત્ર ભારત ઈલેક્ટ્રોનિક્સ, સન ફાર્મા અને આઈટીસી ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા.

સેક્ટર મુજબ જોઈએ તો સર્વિસ સેક્ટરમાં સૌથી વધુ 3.81 ટકાનો ઘટાડો થયો હતો. બીએસઈ પર કુલ 3,561 શેરમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે માત્ર 821 શેર વધ્યા હતા.

દરિયામાં 'ડિજિટલ જંગ'

## હોર્મુઝની ખાડીમાં હજારો ઓઈલ ટેન્કરોનો ટ્રાફિકજામ!

**ઈરાનનું 'અદ્રશ્ય** હથિયાર': જહાજો દરિયામાં છે પણ મેપમાં એરપોર્ટ પર દેખાય છે!

કલ્પના કરો કે તમે Google Maps ચલાવી રહ્યા હોવ અને તમે રસ્તા પર હોવા છતાં મેપ તમને કોઈ નદીની વચ્ચે બતાવે! આવું જ કંઈક અત્યારે વિશ્વના સૌથી મહત્વના દરિયાઈ માર્ગ 'હોર્મુઝની સામુદ્રધુની'માં થઈ રહ્યું છે.

**શું છે આખી ઘટના?**

અમેરિકા અને ઈઝરાયેલના હુમલા (ઓપરેશન એપિક ફ્યુરી) બાદ ઈરાને વળતો પ્રહાર કરવા માટે મિસાઈલ નહીં, પણ 'રેડિયો તરંગો'નો ઉપયોગ કર્યો છે. આને કારણે દરિયામાં ૧,૧૦૦થી વધુ વિશાળ ઓઈલ ટેન્કરો અટવાઈ પડ્યા છે.

**ઈરાનનો 'મેજિક શો' (GPS જામિંગ અને સ્પૂફિંગ)**

ઈરાને પોતાની હાઈ-ટેક સિસ્ટમ (Cobra V8) થી આખા વિસ્તારનું GPS ખોરવી નાખ્યું છે:

**ખોટા લોકેશન:** ટેન્કરોના કેપ્ટનોને તેમની સ્ક્રીન પર એવું દેખાય છે કે જાણે તેમનું જહાજ કોઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉભું છે અથવા કોરી જમીન પર ચાલી રહ્યું છે!

**સિગ્નલ ગાયબ:** જહાજો એકબીજાને જોઈ શકતા નથી, જેના કારણે ટકરાવવાનું જોખમ વધી ગયું છે.

**મોટો ટ્રાફિક જામ:** જહાજોના કેપ્ટનોએ અથડામણના ડરથી એન્જિન બંધ કરી દીધા છે અથવા જહાજોને લંગર (Anchor) નાખીને થોભાવી દીધા છે, જેના કારણે દરિયામાં કિલોમીટરો લાંબો 'ટ્રાફિક જામ' સર્જાયો છે.

**દુનિયાનું ૨૦% તેલ:** આ રસ્તો બંધ થવો એટલે આખી દુનિયાના તેલ પુરવઠા પર બ્રેક લાગવી.

**ભાવ વધારો:** જો આ જામ લાંબો સમય ચાલશે, તો પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચી શકે છે.

૧ માર્ચના રોજ 'સ્કાયલાઈટ' નામના ટેન્કર પર હુમલો થયો હતો, જેમાંથી ૧૫ ભારતીય નાવિકોને માંડ-માંડ બચાવી લેવાયા છે. હાલમાં આ રસ્તો એટલો જોખમી બની

...અનુસંધાન પાના 15 પર